
## વડીલોને વંદન અભિનંદન



બિહારીલાલ રમણલાલ શેઠ (૧૯૫૩)ફોનઃ૨૩૨૧૧૫૨૨



ચિત્રસેન રવજીભાઈ શાહ (૧૯૪૦)ફોનઃ૨૩૨૯૦૫૮૨



ગોવિંદભાઈ પી. જેસલપુરા (૧૯૪૭)ફોનઃ૨૩૨૩૩૬૭૧

# દાંતીવાડામાં કતલખાને લઈ જવાતા બળદોના જીવ બચાવાયા

## જીવદયાપ્રેમીઓએ રાતભર જાગી રાણીવાડા મેળાની આઠમમાંથી આવતી બળદ ભરેલ સાત ગાડીઓ પકડી હતી

દાંતીવાડા, તા. ૧૭


દાંતીવાડા કોલોની ખાતે ગત રાત્રીના સમયે પુરી રાત જાગી રાણીવડા મેળામાંથી લાવતા બળદોની ગાડીઓ જીવદયા પ્રેમીઓએ ચકાસી હતી. મેળાની આડમાં દર વર્ષે બળદોને કતલખાને લઈ જવામાં આવે છે અને જે મુજબ ગત રાત્રીના સમયે પણ ઘણી બધી ગાડીઓની આડમાં ચોરી છુપી જતી સાત જેટલી ગાડીઓ પર સંકા જતા ગાડીઓ ઉભી રાખવી પોલીસ બોલાવાઈ હતી અને આખરે બળદોને કોટ-પાંજરાપોળને સોંપી દરેક ગાડીઓના પોલીસ દ્વારા મેમા બનાવામાં આવ્યા હતા.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

મળતી માહિતી મુજબ દાંતીવાડા જીવદયા પ્રેમીઓએ રાણીવાડામાં યોજાતા બળદ મેળામાંથી લાવતા બળદોની ગાડીઓ રાત્રે ૯ વાગ્યાના સમયથી લઈને સવારના ૭ વાગ્યાના સમય સુધીમાં ટોટલ ૧૦૭ ગાડીઓને ચકાસી હતી. જેમાંથી સવારના સમયે આવેલી ૭ ગાડીઓમાં નાની ઉંમરના બળદો તેમજ માયકાંગલા બળદ જોવા મળ્યા હતા જે પ્રથમ દ્રષ્ટિએ તદ્દન ખેતી લાયક ન જણાતા હતા, જ્યારે ગાડીઓના ડ્રાઈવરોને પૂછ્યું ત્યારે અસભ્ય વર્તન દાખવ્યું હતું.

જેથી કરી જીવદયા પ્રેમીઓએ પાંથાવાડા પોલીસમથકે જાણ કરતા ગાડીઓ જોડે પોલીસ આવી પહોંચી હતી. પોલીસે તપાસ હાથ ધરી ત્યારે સર્વ પ્રથમ તો ગાડીની પરમીટ કરતા વધુ બળદ ભરેલ જણાયા હતા, અને બળદોને પંચમહાલ જિલ્લાના સેરા ખાતે લઈ જવાનું જણાવ્યું હતું. જ્યારે પોતાની જાતને માલિક જણાવતો ઈસમ સુરતનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. જીવદયા પ્રેમીઓના જણાવ્યા અનુસાર તે ઈસમ પહેલા પણ આ બાબતની સંડોવણીમાં પોલીસના ચોપડે ચડેલો છે, આમ બળદોની ઉંમર પર શંકા તેમજ બળદ



માયકાંગલા ખેતીને લાયક ન જણાતા અને ઈસમની અગાની સંડોવણી તેમજ પરમીટ કરતા વધુ ભરવામાં આવેલા બળદો આમ બધી બહાર આવેલી વાતોને ધ્યાને લઈ પાથાવાડા પીએસઆઈ બી.એલ. વડુકરે બળદોને પાંજરાપોળમાં સોંપવા તેમજ દરેક ગાડીને મેમા આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરમાં આનંદીબેન પટેલે કોર્પોરેટરનો ઉઘડો લીધો

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી પ્રચાર માટે આવેલા આનંદીબેન પટેલે પાલનપુર શહેરના ચૂંટણી કાર્યાલયને ખુલ્લુ મુક્યા બાદ કાર્યકરોને સંબોધતા કેટલાક ચીમકીભર્યા શબ્દોનું ઉચ્ચારણ કરતા કાર્યકરોમાં સોપો પડી ગયો હતો. શહેર પ્રમુખે જ્યારે આનંદીબેનના એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે લોકસભાની ગત પેટા ચૂંટણીમાં પાલનપુર શહેરમાં ૧૮૦૦ વોટ માઈનસ રહ્યા હતા ત્યારે આનંદીબેને નગરપાલિકાના ભાજપના સભ્યો જેઓ સત્તા ઉપર છે તેમને ખખડાવી નાખતા કહ્યું હતું કે અનેક સિનીયર કાર્યકર્તાઓના પરસેવાના બળે તમે કોર્પોરેટરો બન્યા છો. રાજ્યમાં નગરપાલિકાઓ જ ભાજપને બહુમતા અપાવે છે ત્યારે પાલનપુરમાં લાખ્ખો રૂપિયાની ગ્રાંટ વિકાસના કામો માટે આપવા છતાં ભાજપ શહેરમાં માઈનસ કેમ રહે છે ? ભાજપની મહિલા કોર્પોરેટરોને પણ ચીમકી આપતા જણાવ્યું હતું કે મહિલા અનામતના કારણે તમો ચૂંટાયા છો પરંતુ સિનિયર કાર્યકર્તાઓએ પાર્ટીને મજબૂત બનાવી તેના કારણે તમો જીત્યા છો ત્યારે પાર્ટીને વિજેતા બનાવવા બુથો ઉપર ધ્યાન આપી જહેમત લેવા તાકીદ કરી હતી.

## પ્રાંતિજના વહાણવટી મંદિરમાં પૂનમે માનવ મહેરામણ ઉમટયું

પ્રાંતિજ તાલુકાના રામપુરા ગામના સીમાડામાં આવેલ પૌરાણિક ખીજડાવાળા વહાણવટી માતાજીના મંદિરે પૂનમ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ચૈત્રી પૂનમે પ્રાંતિજના પૌરાણિક ૭૫૦ વર્ષ જૂના ખીજડાના થડના દર્શન અને માથુ ટેકવી માની કૃપા મેળવવા હજારો ભકતો ઉમટી પડયા હતા અને પૂજા અર્ચના કરી શ્રધ્ધાળુઓએ માના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે સોનગઢ ગામના સેંધાભાઈ દેસાઈ તથા તેમના પરિવારજનો દ્વારા મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું.



ડીસા શહેરમાં અવાર-નવાર ટ્રાફિક સમસ્યાથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. અને ડીસાના ગાયત્રી મંદિર વિસ્તાર તેમજ મેઈન બજારમાં ટ્રાફિકની સમસ્યા વધુ છે. આ બાબતે લોકોએ આ પેચિદો બનતો ટ્રાફિકના પ્રશ્ન અંગે પોલીસ તંત્રને આનો નિકાલ લાવવા માટે રજુઆત કરી હતી. જેથી ગતરોજ ડીસા ઉત્તર પોલીસ મથકે ડી.એસ.પી. અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો હતો. આ પ્રસંગે ઉત્તર પી.આઈ. એચ.એન.રાઠોડ, એચ.આર.દેસાઈ, દક્ષિણ પી.આઈ. કે.ડી.નકુમ, તાલુકા પી.આઈ. આર.એમ.ભદોરીયા તેમજ રાજકીય અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના હોદેદારો તેમજ નગરજનો હાજર રહ્યા છે.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## નાયબ બાગાયત નિયામકની કચેરીનું સહયોગ સંકુલમાં સ્થળાંતર

ગાંધીનગર, તા.૧૭

કલેકટર કચેરી પાસે નવનિર્મિત સહયોગ સંકુલમાં અલગ અલગ કચેરીઓનું સ્થળાંતર ચાલુ થઈ ગયું છે. નાયબ બાગાયત નિયામકની કચેરી સહયોગ સંકુલમાં કાર્યરત થઈ ગઈ છે.

સેકટર-૧૧ કલેકટર કચેરીમાં અનેક કચેરીઓ કાર્યરત છે ત્યારે બહુમાળી ભવનના છઠ્ઠા માળે ડી. બ્લોકમાં કાર્યરત નાયબ બાગાયત કચેરીનું સ્થળાંતર તા. ૧૫ એપ્રિલથી સહયોગ સંકુલમાં કરવામાં આવ્યું છે. હવેથી નાયબ બાગાયત નિયામકની કચેરી સહયોગ ભવનના પાંચમા માળે સી-બ્લોક ખાતેથી કાર્યરત થશે જેની જિલ્લાના ખેડૂતો અને કચેરીના કામાર્થે આવતી જનતાને જણાવવામાં આવ્યું છે.

## ગેરકાયદે બાંધકામોને કોઈ પણ રોકનાર નહીં

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવાનો સીલસીલો જારી રહ્યો છે. પરંતુ એરપોર્ટ પરના વિસ્તારમાં થતા ગેરકાયદેસર બાંધકામને કોઈ રોકનાર ટોકનાર નથી. બાંધાકમ રોજ ચાલતું હોવા છતાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તે જગ્યામાં કોઈ પણ પગલાં લેવામાં આવતાં નથી.

# લગ્નની મોસમ ઉઘડતા ડીસાનું બજાર ખરીદદારોથી ઉભરાયુ

## કાળઝાળ ગરમી વચ્ચે પણ બજારમાં ભરચક ભીડ

ડીસા, તા. ૧૭

ઉનાળાનો આરંભ થતાં જ ગરમીનું જોર વધી રહ્યું છે. ત્યારે ચૈત્ર ખરીદી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. લગ્ન માટે કપડા, દાગીના, શૃંગારના સાધનો, રસોડાનો સામાન, મથક ડીસા ખાતે સમગ્ર ડીસા પંથક તેમજ અન્ય તાલુકામાંથી પણ લગ્નની ખરીદી કરવા માટે આવે છે તેમજ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સુદ પુનમ બાદ ડીસા પંથકમાં લગ્નસરાની સીઝન ખુલતા ઠેર ઠેર લગ્નની શરણાઈઓ ગુંજવા લાગી છે ત્યારે ડીસાની બજારમાં લગ્નસરાની ખરીદી અર્થે લોકોની ભીડ ઉમટી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાં લગ્નસરાની મંડપની વ્યવસ્થા માટે લોકો દોડધામ કરી રહ્યા છે. અત્યારે કાપડ, રેડીમેડ કપડા, જ્વેલર્સની દુકાનોમાં લોકોની ભીડ ઉમટી રહી છે. જ્યારે વાસણ ભંડારોમાં વહેલી સવારથી મોડીરાત સુધી ગ્રાહકોની ભીડ જોવા મળે છે. જ્યારે રસોડાનો સામાન ખરીદવા માટે પડાપડી જોવા મળી રહી હતી. વેપારી પાટણ અને બનાસકાંઠા જિલ્લામાંથી પણ ડિસામાં ખરીદી અર્થે આવે છે. અત્યારે કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે પણ બજાર ખરીદદારોથી ઉભરાઈ રહી છે. જેના કારણે ફુવારા, ભગવતીચોક, ગાંધીચોક, સોની બજાર સદર બજાર સહીતના વિસ્તારો ટ્રાફીકથી ભરચક ભાસી રહ્યા છે.

## વૈદિક પરિવારનો સ્નેહ મિલન સમારોહ

ગાંધીનગર, તા.૧૭


સર્વોત્કર્ષ સેવા સંસ્થાન, વૈદિક પરિવાર ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારોહ તા. ૧૮ એપ્રિલ સાંજે ૫.૩૦ વાગે બલરામ મંદિર પરિસર હોલ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. આ પ્રસંગે વૈદિક પ્રચારક પૂજ્ય અધવેશ પ્રસાદ પાંડેય દ્વારા આધ્યાત્મિક વ્યાખ્યાન અપાશે તેમજ ગુજરાત સરકારના નિવૃત્ત આઈ.એ.એસ. વી. એસ. ગઢવી મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવન પર મનનીય વ્યાખ્યાન આપશે. પરિવારના સભ્યોને સહ પરિવાર ઉપસ્થિત રહેવા જણાવાયુંછે.

## રવિવારે આસિઆની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૭

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્સની એપ્રિલ માસની બેઠક તા. ૨૦ એપ્રિલ રવિવાર સવારે ૧૦.૩૦ કલાકે સિનિયર સિટિઝન કાઉન્સિલ કાર્યાલય નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવશે. તેમાં સંસ્થાના સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૩૭૦



### આડી ચાવી

૧. મૃત્યુ સંબંધી ખર્ચનો પ્રસંગ (૩)
૩. સાડાબારી, દરકાર (૪)
૫. દીવો, જયોત (૩)
૭. ફેંસલો (૩)
૮. રમતમાં કાબેલ (૫)
૯. પાણીમાં પથ્થર નાંખતા જે ગોળ કુંડાળા વળે તે, ભમરી(૩)
૧૦. મુંગુ, અબોલ (૨)
૧૨. પ્રસંશા (૩)
૧૪. હોઠ, ઓષ્ઠ (હિન્દીમાં)(૨)
૧૬. પિયરીયું, મા-બાપ (૪)
૧૮. કુમળુ, કુણુ (૩)
૧૯. નવી વહુ (૨)
૨૦. નાળુ (૩)

### ઊભી ચાવી

૧. તકવાદી, પાતળી છાલવાળુ (૩)
૨. જળમાં કમળ જેમ નિર્લેપ રહે તે (૭)
૩. ૨૪ સેકન્ડ, ક્ષણ (૨)
૪. ધક્કો, હડદો (૪)
૬. સૌથી પ્રિય, અતિપ્રિય(૩)
૭. ચુરમાનો લાડવા બનાવવા માટે પહેલા... કરવું પડે (૩)
૯. વરને લગ્નમંડપમાં પહેરાવાતો હાર (૫)
૧૧. લેખની, પેન (૩)
૧૩. ખલાસી, નૌકા હાંકનાર(૩)
૧૫. સજન, વાલમનું હિન્દી(૩)
૧૭. ચોળાની દાળની એક વાનગી (૨)
૧૮. એક શાક (૨)

### શબ્દાવલી ૫૩૬૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) મામલો (૪) સુબા (૭) વેસન (૮) વસુંધરા (૯) તકો (૧૦) વરદી (૧૨) રગડધગડ (૧૭) પમરાટ (૧૮) ખુદા (૧૯) કોસ (૨૦) ગરવાઇ (૨૧) પનઘટ

**ઊભી ચાવી :-** (૧) માલેતુજાર (૨) મસકો (૩) લોન (૪) સુંવર (૫) બાસુંદી (૬) વિરામ (૧૧) સોડમ (૧૩) ગપસપ (૧૪) ધરા (૧૫) ગટગટ (૧૬) વિદાઇ (૧૮) ખુવાર

### ભિલોડા તાલુકાના ભાણમેર ગામના જુની અદાલતમાં એક વ્યક્તિને

# પેટ્રોલ છાંટી જાનથી મારી નાખવાની કોશીષ કરતાં ચકચાર

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભાણમેર ગામના શખસને અદાવત સંદર્ભે પેટ્રોલ છાંટી જાનથી મારી નાખવાની કોશીષ કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.અરવિંદભાઈ પરમાર, સરસ્વતીબેન બલાતના જણાવ્યા મુજબ ભાણમેર ગામના બાબુભાઈ મનજીભાઈ ડામોર તેમના ઘર આગળ ચોપાડમાં સુતા હતા તે દરમ્યાન મધ્ય રાત્રે બે વાગ્યાના અરસામાં ભાણમેર ગામના જગદીશભાઈ પ્રતાપભાઈ ડામોર અને મહેન્દ્રભાઈ ધુળાભાઈ ડામોરએ બાબુભાઈ ડામોર રાત્રે સુઈ ગયા હતા ત્યારે તેમના શરીર ઉપર પેટ્રોલ છાંટી જાનથી મારી નાખવાની કોશીષ કરી હતી ત્યારે બાબુભાઈ ડામોર ગંભીર રીતે દાઝી ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

મેડીકલ ઓફીસરો ધ્વારા પ્રાથમીક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે. આ બનાવ સંદર્ભે ભિલોડા તાલુકાના ભાણમેર ગામના બાબુભાઈ મનજીભાઈ ડામોરએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ભાણમેર ગામના આરોપી જગદીશભાઈ પ્રતાપભાઈ ડામોર, મહેન્દ્રભાઈ ધુળાભાઈ ડામોર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દર્જ કરી આઈ.પી.સી. કલમ ૩૦૭, ૧૧૪, જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

## માનવ સાંકળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજરોજ ગાંધીનગર ખાતે માનવ સાંકળ રચવામાં આવી હતી. આ માનવ સાંકળ ગુજરાત વિધાનસભા સામેના ચ રોડ પર, સચિવાલય સંકુલના ગેટ નંબર- ૭ થી શરૂ થઈ હતી. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ બે કલાક જેટલા સમય માટે રચાયેલ માનવ સાંકળમાં ઉભેલા તમામ કોલેજના વિદ્યાર્થીઓ અને જિલ્લાના નગારિકોની રૂબરૂ મુલાકાત લઈને તેમને -ોત્સાહિત કર્યા હતા. માનવ સાંકળ રચવામાં સહભાગી બનેલ યુવક- યુવતીઓ તથા સ્વયંભૂ જોડાયેલ નગરના અગ્રણીઓ, નાગરિકોએ માર્ગ પર આવતા જતા નાગરિકોને મતદાન કરવા બેનર, પોસ્ટર અને મતદાન જાગૃતિના મજાના સંગીતથી નમ્ર અપીલ કરી હતી. આ -સંગે ઉપસ્થિત રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અનિતા કરવલનું સ્વાગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપે કર્યુ હતું. જિલ્લામાં યોજાયેલ મતદાર જાગૃતિ અભિયાનના આ નવતર કાર્યક્રમમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણી -તિનિધિઓ, અગ્રણી નગરજનો, વિવિધ બેંકોના અધિકારી-કર્મચારીઓ, સરકારી અધિકારીઓ-કર્મચારીઓ, શાળા-કોલેજના શિક્ષકો, મહિલાઓ ,પોલીસ અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી અશોક માણેક, સંયુક્ત ચૂંટણી અધિકારી શ્રી એલ.પી.પાડલિયા, ગાંધીનગર માટે નિમાયેલા ખર્ચ નિયંત્રણ નિરીક્ષક શ્રી પવનકુમાર ખેતાન, એક્ષપેન્ડિચર મોનીટરીગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી વિકટર મેકવાન, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, અધિક નિવાસી કલેકટર શ્રી ડૉ.એમ.ડી.મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ, ગાંધીનગર -ાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ સહિત જિલ્લા તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિતિ રહયાં હતાં.

## ૧૮-૧૯ વય જૂથના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નર્મદા ૫૪, ભરૂચ ૧૩૧, સુરત ૧૨૩૯, તાપી ૧૬, ડાંગ ૫, નવસારી ૯૫, વલસાડમાં ૧૪૬ મતદારોનો સમાવેશ થાય છે.

વયજૂથ પ્રમાણે મતદારોની સંખ્યા અંગે યાદીમાં જણાવાયું છે કે, ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથ વચ્ચેના ૧૧,૬૭,૯૯૪ મતદારો છે, ૨૦ થી ૨૯ વર્ષ વચ્ચેનાં ૧,૦૩,૧૬,૨૫૩ મતદારો, ૩૦ થી ૩૯ વર્ષ વચ્ચેના ૧,૦૨,૦૧,૯૮૪ મકગાપોસ ૪૦ થી ૪૯ વર્ષ વચ્ચેના ૯૭,૩૮,૧૫૨ મતદારો, ૫૦ થી ૫૯ વર્ષ વચ્ચેના ૫૬,૧૬,૬૦૯ મતદારો, ૬૦ થી ૬૯ વર્ષ વચ્ચેનાં ૩૨,૨૪,૩૮૭ મતદારો, ૭૦ થી ૭૯ વચ્ચેના મતદારો ૧૬,૦૬,૧૫૩ મતદારો અને ૮૦ થી વધુ વય ધરાવતા રાજ્યમાં ૫,૦૭,૦૪૫ મતદારો છે.

## મતકુટિરો મોટી બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઊંચાઈ પણ સામાન્ય કુટિર જેટલી ૧૮'' ઈંચ રાખવી કે વધારવી તેનો નિર્ણય એકાદ દિવસમાં લેવાઈ જશે. હાલ આવેલ વી.વી. પેટ મશીન અને બે બેલેટ યુનિટ સાથે કેટલી જગ્યા એક મતકુટિર માટે જરૂર પડશે તેના અંદાજો તૈયાર થઈ રહ્યા છે.

દરમ્યાન વી.વી. પેટ મશીનો ગાંધીનગર આવી પહોંચ્યા છે. તેની બેટરી સાથે એન્જીનીયરોની ટીમ પણ ગાંધીનગર આવી પહોંચી છે. તંત્રએ વી.વી. પેટ માટે ખાસ નોડલ અધિકારીની નિયુક્તી પણ કરી છે.

એન્જીનીયરોની આવેલી ટીમ મતદાન પૂર્ણ થાય નહિ ત્યાં સુધી ગાંધીનગર જ રોકાશે તેમજ મતદાનના દિવસે ક્યાંય પણ વી.વી. પેટ ખોટકાશે તો ત્યાં આ ટીમ તાત્કાલિક પહોંચી દુરસ્ત કરશે.

બીજી તરફ કર્મચારીઓને તાલિમ આપવા માટેનો કાર્યક્રમ પણ ૨૧મીથી શરૂ થઈ રહ્યો છે. જેમાં વી.વી. પેટને બેલેટ યુનિટ સાથે કેવી રીતે જોડશે તેનું કેવી રીતે ઓપરેશન થશે સહિતની બાબતોને લઈ તાલિમ આપવામાં આવનાર છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૭૭૦ પોલીંગ સ્ટેશનો છે. આ તમામ કર્મચારીઓને તાલિમ આપવામાં આવનાર છે. વી.વી. પેટને લઈ ખાસ અધિકારીની નિમણુંક પણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે ઉલ્લેખનીય છે.

## મુશળધાર મતદાન

● અનુસંધાન પહેલાનુ ચાલુ

થયું હતું. ૨૦૦૯માં અહીં ૪૮ ટકા મતદાન થયું હતું.

લોકસભાની ચૂંટણીના ભાગરૂપે આજે સવારે ૧૨ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૧૨૧ બેઠક માટે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. તમામ જગ્યાએ પુરતી વ્યવસ્થા ગઈકાલે જ કરી લેવામાં આવી હતી. સવારમાં મતદાનની શરૂઆત થયા બાદ તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. મતદારો તેમના ઉમેદવારો પસંદ કરવા માટે ભારે ઉત્સુક દેખાયા હતા. મતદાનની શાંતિપૂર્ણ રીતે શરૂઆત થઈ હતી. શરૂઆતી કલાકોમાં જ કેટલક મથકો પર રેકોર્ડુંચુ મતદાન થયું હતું. જ્યારે કેટલાક મતદાનમથકો પર શરૂઆતમાં ઓછો ઉત્સાહ દેખાયો હતો. નવ તબક્કામાં યોજાનાર લોકસભાની ચૂંટણી માટે સૌથી મોટા તબક્કામાં આજે મતદાન યોજાયું હતું. મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી હતી. અગાઉના તબક્કામાં રેકોર્ડ મતદાન થયા બાદ આજે પણ તમામ રાજ્યોમાં રેકોર્ડ મતદાન થયું હતું. આ તબક્કામાં નંદન નિલકાની, જશવંતસિંહ, શત્રુઘ્નસિંહા, અનંતકુમાર અને જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા દિગ્ગજ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા છે. કર્ણાટકમાં તમામ ૨૮ બેઠક માટે મતદાન યોજાઇ હતું. પાંચ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ પણ મેદાનમાં હતા. તમામની નજર બેંગ્લોર સાઉથની બેઠક ઉપર રહેશે જ્યાં કોંગ્રેસના નંદન નિલકાની, ભાજપના પાંચ વખતના સાંસદ અનંતકુમાર સામે ટક્કર છે. રાજસ્થાનમાં ૨૦ બેઠક માટે પ્રથમ તબક્કામાં મતદાન થયું હતુ. .૩.૮૦ કરોડ જેટલા મતદારો પૈકી મોટી સંખ્યામાં મતદારોએ પ્રથમ તબક્કામાં ૨૩૯ ઉમેદવારોના ભાવિ સીલ કરી દીધા હતા. રાજસ્થાનમાં ૩૮૮૩૫ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. રાજસ્થાનમાં બાકીની પાંચ બેઠક માટે ૨૪મી એપ્રિલે મતદાન યોજાશે. ઉત્તરપ્રદેશમાં ૧૧ લોકસભા બેઠક માટે મતદાન યોજાયું હતું. અહીં ૧.૮ કરોડ મતદારો ૧૫૧ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. મધ્યપ્રદેશમાં કુલ ૧૪૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે ભારે ઉત્સાહ દેખાયો હતો. અહીં કુલ ૧૬૭૧૨૮૦૮ મતદારો હતા. મહારાષ્ટ્રમાં ૩૫૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા ૩.૨૫ કરોડ મતદારો હતા. અહીં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણ, ભાજપના નેતા ગોપીનાથ મુંડે, સુશીલકુમાર શિંદે મેદાનમાં હતા. અહીં ૩૫૮ ઉમેદવારો હતા. બિહારમાં સાત બેઠકો માટે મતદાન સઘન સુરક્ષા વચ્ચે શરૂ થયુ હતુ. બિહારમાં ૧૧૭ ઉમેદવારો હતા જેમાં શત્રુઘ્નસિંહાનો સમાવેશ થાય છે. ઝારખંડમાં છ બેઠક હતી. જેમાં ૧૦૬ ઉમેદવાર મેદાનમાં હતા. અહીં કાર્યામુંડા ચૂંટણી મેદાનમાં હતા. ઓરિસ્સામાં ૧૧ લોકસભા અને ૭૭ વિધાનસભા બેઠક માટે મતદાન શરૂ થયું હતુ. લોકસભાની ચૂંટણીમાં ૯૮ ઉમેદવારો હતા. વિધાનસભાની ચૂંટણીમાં ૭૪૭ ઉમેદવાર હતા. બંગાળમાં ૪૭ ઉમેદવારો ચાર બેઠક માટે મેદાનમાં હતા.